૧૨. જો તમે (૧) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાખંડમાં તમારી સાથે કોઈ પણ પુસ્તક અથવા કોઈ પણ પ્રકારના લખાણ કે નોંધવાળી કાપલી કે વસ્તુ લાવશો, અગર

(૨) પરીક્ષા ચાલુ હોય ત્યારે બીજા પરીક્ષાર્થી સાથે વાત કરશો કે કોઈ પણ રીતે સંદેશો મોકલવા વ્યવહાર કરશો, અગર

(૩) બીજી કોઈ જાતની ગેરરીતિ કરશો અથવા ગેરરીતિ કરવાનો પ્રયત્ન કરશો અગર પરીક્ષા પૂરી થયા બાદ પરીક્ષાખંડ છોડતી વખતે તેઓને આપેલી તમારી કોઈ પણ લખેલી કે કોરી ઉત્તરવહીઓ સાથે લઈ જશો કે પરીક્ષાખંડમાં આમ કરવાના ઈરાદાથી કોઈ પ્રવૃત્તિ કરશો તો શિક્ષાને પાત્ર બનશો. તેમાં તમોને પરીક્ષામાંથી ઉઠાડી મૂકવામાં આવશે અને તમારા વિષે તેનો યુનિવર્સિટીને તાત્કાલિક રિપોર્ટ કરવાને નિરીક્ષક મુખત્યાર છે.

૧૩. પરીક્ષાનો સમય પૂરો થવાના ૧૦ મિનિટ સંકેત-ઘંટ વાગશે. ત્યારબાદ બીજો ઘંટ વાગે ત્યારે તમે લખવાનું બંધ કરી તમારી ઉત્તરવહીઓ તમારા નિરીક્ષકને સુપ્રત કરવા તૈયાર રહેશો જ્યાં સુધી નિરીક્ષક બધાની ઉત્તરવહીઓ એકઠી કરી લે નહીં ત્યાં સુધી તમારી બેઠક છોડવી નહીં.

૧૪. પરીક્ષાખંડમાં કોઈ પણ સંજોગોમાં ધૂમ્રપાન કરવાની સખત મનાઈ છે.

૧૫. પરીક્ષા શરૂ થવાના નિયત સમયે જે પરીક્ષાર્થીએ પોતાની બેઠક ન લીધી હોય તેમને પાછળથી નિયમ અનુસાર દાખલ થવા દેવામાં આવશે નહીં. પરંતુ મુખ્ય નિરીક્ષકને મોડા પડવાનું કારણ સંતોષકારક જણાશે તો દાખલ કરી શકશે પરંતુ અડધો કલાક કરતાં વધુ મોડા પડનારને દાખલ થવા દેવામાં આવશે નહિ.

૧૬. તમારું લખાણ સારા અક્ષરે અને સ્પષ્ટ વાંચી શકાય તેવા અક્ષરે લખવું.

૧૭. પરીક્ષામાં પૂછેલા પ્રશ્નના સંદર્ભમાં ઉત્તર સિવાયનું કોઈ પણ લખાણ લખનાર પરીક્ષાર્થી શિક્ષાને પાત્ર છે.

નોંધ : જે પરીક્ષાર્થી મુખ્ય કે અન્ય નિરીક્ષકની સૂચનાનો અનાદર કરશે ને ઉદ્ધત અથવા અયોગ્ય વર્તન પરીક્ષાખંડમાં દાખવશે અથવા નિયમોનો ઈરાદાપૂર્વક ભંગ કરશે તો શિક્ષાને પાત્ર બનશે અને મુખ્ય નિરીક્ષક પરીક્ષામાંથી તાત્કાલિક ઉઠાડી મૂકી શકશે.

રાજકોટ

તા. - -૨૦૦ **પરીક્ષા નિયામક**

---

x જે પરીક્ષાઓમાં કોડ નંબર આપવાનું કરવામાં આવ્યું છે તે પરીક્ષા માટે સૂચનાઓમાં નીચે મુજબ ફેરફાર છે :

૨. કેન્દ્ર લખવાનું હોતું નથી.

૩. તમારી ઓળખ છતી થાય તેવું કોઈ લખાણ કરવું નહિ એવી વધારાની સૂચના છે.